

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ તથા હોદેદારોએ નવ નિયુકત પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ સહેબની શુભેચ્છા મુલાકાત લીધેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા અને માનદ્ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયાએ રાજકોટ શહેરના નવ નિયુકત થયેલ પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ સાહેબની શુભેચ્છા મુલાકાત લીધેલ.

આ મુલાકાત દરમ્યાન રાજકોટ ચેમ્બર દ્વારા શહેરની જનતા શાંતી અને સલામતી અનુભવે તેમજ કાયદો-વ્યવસ્થાનું સારી રીતે અમલ થાય તેમજ શહેરમાં ઉદ્ભવતી ટ્રાફિક સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ આગ્રહ પુર્વક રજુઆત કરવામાં આવેલ. તેમજ આ મુલાકાત અડધો કલાકથી પણ વધારે ચાલેલ હોય તેમાં રાજકોટ ચેમ્બર દ્વારા ઘણી બધી વણઉકેલ સમસ્યાનું નિરાકરણ લાવવા અને આગામી ટુંક સમયમાં સાઈબર ક્રાઈમ અંગે અવરનેશ સેમિનારનું આયોજન કરવા જણાવેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.